**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,૨૫૬૩૦૩૦૦,૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૫/૧/૧૪ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ-** **સમાચાર યાદી નં.૪૩/૧૪**

**ક્રાઈમ બ્રાન્ચ :- (૧)**

ક્રાઈમ બ્રાન્ચ ઇન્ચાર્જ નાયબ પોલીસ કમિશ્નરશ્રી બી.સી.સોલંકી, તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એસ.ઓ.જી. શ્રી સી.એન.રાજપુત નાઓએ શહેરમાં બનતા ગંભીર પ્રકારના ગુનાઓ શોધી કાઢવા સુચના આપેલ જે આધારે એસઓજીના પોલીસ સબ ઈન્સપેકટર શ્રી આર.એસ.સુવેરા તથા સ્ટાફના માણસો અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન જુહાપુરા ચાર રસ્તા પાસે આવતાં સાથેના પો.કોન્સ.નિશારઅહેમદ ઉસ્માનમિયાં તથા પોકો. સમીરસિંહ પ્રતાપસિંહ નાઓની સંયુક્ત બાતમી હકિકત આધારે કૈયુમ બાબુભાઇ શેખ ઉવ.૨૬ રહે, સી વોર્ડ, ઘર નં.૧૯૬, સંકલિતનગર જુહાપુરા અમદાવાદ નાને પકડી તેની પાસે થી એક દેશી બનાવટની પિસ્ટલ કિં.રુ.૧૦,૦૦૦/- તથા કારતુસ નંગ-૬ કિં.રુ.૬૦૦/- ના કબજે કરેલ છે. સદર આરોપીની પુછપરછ કરતાં તે અગાઉ સાણંદ પો.સ્ટે.ના વિમલ ગુટકા ભરેલ આઇસર ગાડીની લુંટના ગુનામાં પકડાયેલ છે. તેમજ આરોપી આર્થિક સંકડામણમાં હોઇ આ હથિયારનો ઉપયોગ લુંટ તેમજ ઘરફોડ ચોરી જેવા ગુનાઓ કરવા સારૂં લાવેલ હોવાનું પ્રાથમિક પુછપરછમાં જણાવે છે અને હાલ આરોપીની પુછપરછ ચાલું છે.

**ક્રાઈમ બ્રાન્ચ :- (૨)**

ડી.સી.બી. પો. સ્ટેશન સ્ટે.ડા. એન્ટી. નં.૧૧/૧૪ તા.૪/૧/૨૦૧૪ સી.આર.પી.સી. ક્લમઃ -૪૧(૧)એ મુજબનાં કામનાં આરોપી સારીક S/O મહેબુબમીયા સફદરહુસેન જાતે સૈયદ (ઉ.વ.૩૩)(રહે.૧૬, ગરીબનવાજ સોસાયટી, અકબર ટાવરની પાછળ વેજલપુર સરખેજ રોડ) નાને તા.૪/૧/૨૦૧૪ ના કલાક ૧૮/૦૦ વાગે પકડી અટક કરી પુછપરછ કરતા અમદાવાદ ગ્રામ્ય અસલાલી પોલીસ સ્ટેશન બે ગુનામા વોન્ટેડ હોવાનુ જણાય આવેલ હોય જેથી અમદાવાદ ગ્રામ્ય અસલાલી પોલીસ સ્ટેશનનાં I ગુ.ર.નં.૬/૨૦૧૨ ઇ.પી.કો. કલમઃ-૪૨૯,૨૬૫, ૨૯૫(ક) તથા ધી પશુ સરક્ષંણ ધારા કલમ ૫, ૬, ૮ તથા અસલાલી પોલીસ સ્ટેશનનાં I ગુ.ર.નં.૧/૨૦૧૪ ઇ.પી.કો. કલમઃ-૪૨૯,૨૬૫, ૨૯૫(ક) તથા ધી પશુ સરક્ષંણ ધારા કલમ ૫, ૬, ૮ મુજબનાં ગુના ડીટેક કરવામાં આવેલ છે.

**ક્રાઈમ બ્રાન્ચ** :- (3)

પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓએ તાજેતરમાં બનતા ઘરફોડ ચોરીના ગુના બનતા શોધવા અને અટકાવવા આપેલ સુચના અન્વયે ક્રાઇમબ્રાન્ચના પોલીસ સબ ઇન્સ્પેક્ટર શ્રી ડી.એસ.ગોહિલ નાઓ સ્ટાફના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમા હતાં. દરમ્યાન પો.કો.ભુપેન્દ્રસીંહ ધર્મેન્દ્રસીહ નાઓની બાતમી હકિકત આધારે તા.૪/૧/૨૦૧૩ ના કલાક ૧૭.૧૫ વાગે ભુલાભાઇ પોલીસ ચોકી પાસેથી એક ઇસમ નામે પ્રવીણ ઉર્ફે પવો s/o નાનજીભાઇ રાજાભાઇ મેવાડા ઉવ.૩૫ રહે.૫૭, માણેકલાલ કેશવલાલની ચાલી, પરિક્ષીતલાલનગર, બહેરામપુરા, અમદાવાદવાળા પાસેથી નોકિયા કંપનીના બે મોબાઇલ ફોન તથા રોકડ રકમ રુ.૫૦૦/- મળી કુલ્લે કિંમત ૧૯૦૦/- નો ચોરીએ ગયેલ અસલ મુદામાલ કબ્જે લઇ કાગડાપીઠ પો.સ્ટે.માં ફ.ગુરનં.૨૨૫/૨૦૧૩, ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦ મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય, ઉપરોક્ત અનડીટેક ઘરફોડ ચોરીના ગુનાનો ભેદ ઉકેલવામાં આવેલ છે.

**ક્રાઈમ બ્રાન્ચ** :- (૪)

અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા મિલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા તેમજ નાસતા ફરતા આરોપીઓ પકડવા સારુ પોલીસ કમિશ્નરશ્રી શિવાનંદ ઝા સાહેબનાઓએ આપેલ સુચના અનુસંધાને તેમજ ક્રાઇમ બ્રાન્ચના ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ પો.સ.ઇ.શ્રી જે.એન.ઝાલા તથા સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાંન નરોડા પાટીયા ચાર રસ્તા પાસેથી પસાર થતા હતા તે દરમ્યાંન હે.કો.અજયકુમાર જાબરમલ નાઓની બાતમી આધારે આરોપી રાજુભાઇ S/o કમેટીયા ગાંગડેકર (છારા) ઉ.વ.૬૨ રહે.નવખોલી, છારાનગર, કુબેરનગર, સરદારનગર, અમદાવાદ શહેરનાને સીઆરપીસી કલમ ૪૧(૧)આઇ મુજબ પકડી અટક કરવામાં આવેલ છે.જેની પુછપરછ દરમ્યાંન તે નવરંગપુરા પોલીસ સ્ટેશનનો એક તથા દિલ્લી રાજોલી ગાર્ડન પોલીસ સ્ટેશનના એક તથા ઓરિસ્સા જગન્નાથપુરી પોલીસ સ્ટેશનના એક ગુન્હો મળી કુલ-૩ ડેકી ચોરીઓના ગુનામાં વોન્ટેડ હોવાનું જાણવા મળેલ છે. તેમજ તે બે વખત અગાઉ પાસા પણ ભોગવી ચુકેલ છે.

**નારણપુરા પો.સ્ટે.:-**

એક ભાઇ નામે મહેશભાઇ જીવાભાઇ મરાઠી રહે,ગોકુલધામ ફ્લેટની બાજુમાં શક્તિનગર છાપરા છગનભાઇ ભરવાડની ચાલી નવાવાડજ અમદાવાદ નાઓને આજરોજ સાતેક વાગ્યાના સુમારે રાણીપ ક્રોસ રોડ પાસે આવેલ બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ આગળથી એક છોકરો ઉવ ૮ થી ૧૦ વર્ષનો રંગે-શ્યામવર્ણ જેણે શરીરે સફેદ વાદળી કલરનો ટીશર્ટ જીન્સ પેન્ટ પહેરેલ છે. જે મંદબુધ્ધિનો હોય સરનામું જણાવતો ન હોય જે નારણપુરા પો.સ્ટે.લાવતા સદરી બાળક બાબતે કંટ્રોલમાં બ્રોડકાસ્ટ કરવાતાં બ્રોડકાસ્ટ આધારે નરોડા પોલીસ સ્ટેશન પોતાનો દિકરો ગુમ થવા બાબતે જાણ કરવા ગયેલ મુકેશભાઇ શંકરલાલ પરમાર ઉવ-૪૩ રહે,ચિત્રકુટ આવાસ ઘ.નં.૯-૨૭૪ ઓડાના મકાન નવા નરોડા ભવાની ચોક અમદાવાદ શહેરનાઓ નરોડા પો.સ્ટે.થી નારણપુરા પો.સ્ટે. આવતાં મળી આવેલ બાળક પોતાનો દિકરો પૃથ્વી ઉવ-૧૧ નો જન્મથી મંદબુધ્ધિનો છે જે આજરોજ બપોરના પોણા ત્રણેક વાગ્યાનો ઘરેથી નીકળી ગયેલ હોવાનું જણાવતા તેમના દિકરાનો કબ્જો પો.સબ.ઇન્સ. શ્રી આર.જે.ગામીત, નારણપુરા પોલીસ સ્ટેશનનાઓએ બાળકનાં પિતા મુકેશભાઇ શંકરલાલ પરમારને સોંપી દિધેલ છે.

**વટવા પો.સ્ટે.** **(૧)**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં.૫/૧૪ ઇપીકો કલમ ૪૫૪, ૪૫૭, ૩૮૦, ૧૧૪ મુજબ આરોપી (૧) ઇરફાનઅલી ઉર્ફે ચોર સ/ઓ અરમાનઅલી સૈયદ ઉં.વ.૨૫ રહે,મ.નં-૨ મદનીપાર્ક રોડ હાઉસ સૈયદવાડી વટવા અમદાવાદ શહેર તથા (૨) મોહમંદ મહેતાબખાન ઉર્ફે આફતાબ સ.ઓ મ.વાસીમખાન પઠાણ ઉં.વ.૨૦ રહે,ઇ/૮ અજીતપાર્ક સોસાયટી ચિરાગપાર્ક ની બાજુમાં વટવા કેનાલ રોડ વટવા અમદાવાદ શહેર (૩), શાહરુખ ઉર્ફે જલેલી સ/ઓ જુમ્મતભાઇ રંગરેજ ઉં.વ-૧૯ રહે.મ.નં-૨૬ શાહઆલમનગર અલકુબા સોસાયટી વટવા અ'વાદ નાઓને અત્રેના પોલીસ સ્ટેશનના પો.સ.ઇ. શ્રી જે.એન.ગોસ્વામી નાઓએ વટવા તા.૪/૧/૧૪ ના કલાક ૨૨/૦૦ વાગે પકડી અટક કરી સદર ગુનાના મુદ્દામાલ વિશે પુછપરછ ચાલુ કરેલ છે. જે અંગે વધુ તપાસ ચાલુમાં છે.

**વટવા પો.સ્ટે.** **(૨)**

વટવા પોલીસ સ્ટેશન ફસ્ટ.ગુ.ર.નં. ૬/૧૪ ઇપીકો કલમ ૩૯૨, ૧૧૪ મુજબ આરોપી શીવાનંદ સીતારામ સીંગ ઉં.વ.૩૨ રહે,મ.નં-૩૧ જૈમીનપાર્ક સો.સા ક્રોસિંગ વટવા અ'વાદ શહેર નાઓને અત્રેના પોલીસ સ્ટેશનના પો.સ.ઇ.શ્રી એચ.પી.પાલિયા નાઓએ વટવા તા.૪/૧/૧૪ ના કલાક ૧૧/૩૦ વાગે પકડી અટક કરી સદર ગુનાના મુદ્દામાલ તેમજ અન્ય આરોપી વિશે પુછપરછ ચાલુ કરેલ છે. જે અંગે વધુ તપાસ ચાલુમાં છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.